પ્રથમ અપીલ અરજી નં. ૦૧
તા. ૦૫/૧૨/૨૦૨૩

અરજદાર :– શ્રી તલ્હાં ચાંદીવાલા

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને સ્ટોરકિપર કમ કલાર્ક(જુ.ફાર્મા.) સેન્ટ્રલ મેડીકલ સ્ટોર

વિષય :– પ્રથમ અપીલ નં.૦૧, તા. ૦૫/૧૨/૨૦૨૩(મુળ અપીલ અરજી તા.૨૦/૦૯/૨૩)

સંદર્ભ :– (૧) આર.ટી.આઈ. એકટ હેઠળ મુળ આઈ.ડી.નં.૧૫૭૬, તા.૨૦/૦૯/૨૦૨૩ ની માહિતી માંગતી અરજી

(૨) જે અત્રેના વિભાગને તબદીલ થઈ સીએમએસ/ઈનવર્ડ નં.૧૦૮૨, તા.૦૪/૧૦/૨૦૨૩ થી નોંધાયેલ છે.

(૩) અત્રેથી અરજદારને ફી અને ચાર્જ જમા કરાવવા પાઠવવામાં આવેલ પત્ર નં. સીએમએસ/આઉટ નં.૧૫૨૫ તા.૧૨/૧૦/૨૦૨૩

(૪) અરજદારશ્રી દ્વારા ફી અને ચાર્જ જમા કર્યા તા.૧૮/૧૦/૨૦૨૩,રસીદ નં.૩૦૦/૧૬૬

(૫) અરજદારશ્રીને જરૂરી દસ્તાવેજી નકલ આપતો પાઠવવામાં આવેલ પત્ર નં. સીએમએસ/આઉટ નં.૧૫૬૭ તા.૨૦/૧૦/૨૦૨૩

(૬) અરજદારની મુળ પ્રથમ અપીલ અરજી નં.૦૧, તા.૦૫/૧૨/૨૩.
(જે અત્રેના વિભાગને તબદીલ થઈ સીએમએસ/ઈનવર્ડ નં. ૧૩૯૭ તા.૦૮/૧૨/૨૦૨૩ થી નોંધાયેલ છે. )

(૭) સીએમએસ/આઉટ નં.૧૯૧૩, તા.૧૩/૧૨/૨૦૨૩ થી અરજદારને પ્રથમ અપીલ અરજી સુનાવણીમાં ઉપસ્થિત કરાવવા બાબતનો પત્ર.

<u>**અરજદારની હકીકત :–**</u>

અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાની સંદર્ભ–(૧) હેઠળની માહિતી માંગતી અરજી અત્રેનાં સેન્ટ્રલ મેડીકલ સ્ટોર ખાતે ઉકત સંદર્ભ–(૨) થી પ્રાપ્ત થયેલ છે. જે અત્રે આઈ.ડી.નં.૪ થી નોંધાયેલ છે. મુળ માહિતી માંગતી અરજીમાં માંગ્યા મુજબની માહિતી પૈકી સેન્ટ્રલ મેડીકલ સ્ટોરને સ્પર્શતી ઉપલબ્ધ તમામ માહિતી ઉકત સંદર્ભ–(૩) થી (૫) અન્વયે પત્રવ્યવહાર કરીને અરજદારશ્રીને નિયત સમય મર્યાદામાં મોકલાવવામાં આવેલ. ત્યારબાદ અરજદારશ્રીની સંદર્ભ (૬) હેઠળ તા.૦૫/૧૨/૨૦૨૩ની પ્રથમ અપીલ અરજી અત્રે જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટ એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગર પાલિકા મારફત તબદીલ થઈ સીએમએસ/ઈનવર્ડ નં.૧૩૯૭ તા.૦૮/૧૨/૨૦૨૩ થી નોંધાયેલ છે

પ્રથમ અપીલ અરજી સંદર્ભે અરજદારશ્રીની રૂબરૂમાં મૌખિક સુનાવણી થઈ આવવા સંદર્ભ – (૭) થી અરજદારશ્રીને પત્ર પાઠવવામાં આવેલ છે.પરંતુ સદર તારીખે અરજદારશ્રી રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ ન હતા અને તેઓ તરફથી રૂબરૂ સુનાવણીનાં પત્ર સંદર્ભે ગેરહાજર રહેવા સબબ કોઈ લેખિત રજુઆત પણ કરવામાં આવેલ નથી. જેમાં જા.મા.અધિકારી અને સ્ટોરકિપર કમ કલાર્ક(જુ.ફાર્મા.) સેન્ટ્રલ મેડીકલ સ્ટોર હાજર રહેલ છે. જે અંગેની રોજકામમાં નોંધ કરવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રીની તા.૨૦/૦૯/૨૦૨૩ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી તેમજ પ્રથમ અપીલ અરજી અન્વયે તા.૨૧/૧૨/૨૦૨૩ નાં રોજ કરવામાં આવેલ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી હાજર રહ્યા નથી તેમજ જા.મા.અધિકારી અને સ્ટોરકિપર કમ કલાર્ક(જુ.ફાર્મા.) સેન્ટ્રલ મેડીકલ સ્ટોર દ્વારા અરજદારશ્રીને માંગ્યા મુજબની માહિતી પૈકી સેન્ટ્રલ મેડીકલ સ્ટોરને સ્પર્શતી ઉપલબ્ધ તમામ માહિતી અત્રેથી મોકલાવવામાં આવેલ હોય જેથી અરજદારશ્રીની અપીલ અરજી અંગે વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી.

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

સે.મે.સ્ટોર/આર.ટી.આઈ./
તા.      /૧૨/૨૦૨૩

( એસ. કે. ગજેરા )
પ્રથમ અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફીસર
સેન્ટ્રલ મેડીકલ સ્ટોર

ન.સ.ર.  : નોડલ ઓફિસરશ્રી,આર.ટી.આઈ.સેલ પ્રતિ,....... જાણ માટે.
ન.રવાના  : શ્રી તલ્હાં ચાંદીવાલા
ન.રવાના  : જાહેર માહિતી અધિકારી અને સ્ટોરકિપર કમ કલાર્ક(જુ.ફાર્મા.) સેન્ટ્રલ મેડીકલ સ્ટોર પ્રતિ.... જાણ સારૂ.